| | | |
|---|---|---|
| પરીક્ષાની તારીખ ________ | **દ્વિતીય પરીક્ષા : 2023 – 24** | |
| | **ધોરણ 9 [સવાર પાળી]** | |
| **સમય : 2 કલાક** | **વિષય : ગણિત** | **કુલ ગુણ : 50** |

વિદ્યાર્થીનું નામ : ____________________

વર્ગ : ________ નંબર : ________ નિરીક્ષકની સહી : ____________

**M4106**

## વિભાગ A

સૂચના મુજબ જવાબ આપો : [પ્રશ્ન 1થી 10 – *પ્રત્યેકનો 1 ગુણ*] **10**

નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :

1. $3.92222\ldots$ને બીજી રીતે $3.\overline{92}$ લખાય.
2. $\triangle ABC$માં $\angle B = 90°$, $AB = 6$ સેમી અને $BC = 8$ સેમી હોય, તો તેની અર્ધપરિમિતિ 12 સેમી થાય.

નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરો :

3. $\triangle ABC$ અને $\triangle PQR$માં $\frac{AB}{PQ} = \frac{BC}{RQ} = \frac{AC}{PR} = 1$ હોય, તો $\triangle ABC \cong \triangle$ ......... .

   A. RPQ   B. RQP   C. PQR   D. PRQ

4. રૈખિક જોડના બે ખૂણા પૈકી એક ખૂણાનું માપ $x°$ હોય, તો બીજા ખૂણાનું માપ ......... થાય.

   A. $90 + x°$   B. $90 - x°$   C. $180 + x°$   D. $180 - x°$

નીચેનાં વિધાનો સાચાં બને તે પ્રમાણે ખાલી જગ્યા પૂરો :

5. જો $\triangle PQR \cong \triangle YXZ$ હોય, તો $\angle PRQ =$ ......... .
6. $(64)^{-\frac{1}{6}} =$ .........
7. લંબચોરસ PQRSની પરિમિતિ 40 સેમી છે. જો $PQ : QR = 3 : 5$ હોય, તો $RS =$ ......... સેમી.

*એક* વાક્ય કે *એક* શબ્દમાં જવાબ આપો :

8. બે પૂરકકોણના માપ $x + 20°$ અને $2x + 10°$ હોય, તો તે પૈકી મોટા ખૂણાનું માપ શોધો.
9. ચક્રીય ચતુષ્કોણ ABCDમાં $5\angle A = 13\angle C$ હોય, તો $\angle A$ શોધો.
10. ચતુષ્કોણ ABCDમાં $\angle A = 100°$, $\angle B = 80°$, $\angle C = 120°$ હોય, તો $\angle D$ શોધો.

## વિભાગ B

નીચેના પ્રશ્નોની ટૂંકમાં ગણતરી કરી જવાબ આપો : [પ્રશ્ન 11થી 18 – *પ્રત્યેકના 2 ગુણ*] **16**

11. જો $x - 4$ એ $x^3 - 5x^2 - px + 24$નો એક અવયવ હોય, તો $p$ની કિંમત શોધો.
12. જો $(2a + 5,\ 3b + 2)$ અને $(a + 11,\ b + 14)$ એક જ બિંદુના યામ હોય, તો $a$ અને $b$ની કિંમત મેળવો.

13. $\frac{2}{7}$ અને $\frac{2}{5}$ વચ્ચેની ચાર સંમેય સંખ્યાઓ શોધો.

**અથવા**

13. સાદું રૂપ આપો : $(4\sqrt{3} - 3\sqrt{5})^2$

14. જેમાં $\angle A = 90°$ અને $AB = AC$ હોય તેવો કાટકોણ ત્રિકોણ ABC છે, તો $\angle B$ અને $\angle C$ શોધો.

15. $l$ રેખાખંડ ABનો લંબદ્વિભાજક છે. જો બિંદુ P રેખા $l$ પર હોય, તો બતાવો કે P એ A અને Bથી સમાન અંતરે આવેલું છે.

16. અવયવ પાડો : $2x^2 + y^2 + 8z^2 - 2\sqrt{2}xy + 4\sqrt{2}yz - 8xz$

**અથવા**

16. નીચે આપેલ બહુપદીઓમાં $x^3$નો સહગુણક લખો :

(1) $x^4 - \frac{2}{3}x^2 + 4x - \frac{7}{3}$ (2) $7 - 3x - \frac{4}{3}x^2 + \sqrt{5}x^3$

17. એક સમબાજુ ત્રિકોણની પરિમિતિ 54 સેમી છે, તો આ ત્રિકોણનું ક્ષેત્રફળ હેરોનના સૂત્રથી મેળવો.

18. બાજુમાં આપેલ આકૃતિમાં વર્તુળ પર ચાર બિંદુઓ A, B, C અને D આવેલા છે. AC અને BD એ E બિંદુએ એવી રીતે છેદે છે કે જેથી $\angle BEC = 130°$ અને $\angle ECD = 20°$ થાય, તો $\angle BAC$ શોધો.




**અથવા**

18. O કેન્દ્રિત વર્તુળનો વ્યાસ 20 સેમી છે અને તેની જીવા ABની લંબાઈ 12 સેમી છે. ABનું Oથી અંતર શોધો.

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ગણતરી કરી જવાબ આપો : [પ્રશ્ન 19થી 22 – *પ્રત્યેકના 3 ગુણ*]** **12**

19. જો O કેન્દ્રવાળા બે સમકેન્દ્રી (Concentric) વર્તુળો(સમાન કેન્દ્રવાળાં વર્તુળો)ને એક રેખા અનુક્રમે A, B, C અને Dમાં છેદે, તો સાબિત કરો કે AB = CD. (જુઓ આકૃતિ)



**20.** ABCD સમાંતરબાજુ ચતુષ્કોણ છે અને શિરોબિંદુઓ A અને Cમાંથી વિકર્ણ BD પર લંબ અનુક્રમે AP અને CQ દોરેલ છે. (જુઓ આકૃતિ) સાબિત કરો કે, ( i ) $\Delta APB \cong \Delta CQD$ ( ii ) $AP = CQ$.




**અથવા**

**20.** લંબચોરસ ABCDમાં વિકર્ણ AC એ $\angle A$ તેમજ $\angle C$ને દુભાગે છે. સાબિત કરો કે, ABCD ચોરસ છે.

**21.** ત્રિકોણની બાજુઓ 12 : 17 : 25ના પ્રમાણમાં હોય અને તેની પરિમિતિ 540 સેમી હોય, તો તેનું ક્ષેત્રફળ શોધો.

**22.** આકૃતિમાં જો AB ∥ CD, CD ∥ EF અને $y : z = 7 : 11$ છે, તો $x$નું માપ શોધો.




## વિભાગ D

**નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો : [પ્રશ્ન 23થી 25 – *પ્રત્યેકના 4 ગુણ*]** **12**

**23.** જેમાં AB = AC હોય તેવા $\Delta ABC$નો વેધ AD છે, તો સાબિત કરો કે,

( i ) AD એ BCને દુભાગે છે. ( ii ) AD એ $\angle A$ને દુભાગે છે.



**અથવા**

**23.** સાબિત કરો કે, ત્રિકોણની બે બાજુઓ સમાન હોય, તો તેમની સામેના ખૂણાઓ સમાન હોય.

**24.** સાબિત કરો કે, વર્તુળની સમાન જીવાઓ, વર્તુળના કેન્દ્ર આગળ સમાન ખૂણા આંતરે છે.

**25.** સાબિત કરો કે, ત્રિકોણની એક બાજુના મધ્યબિંદુમાંથી બીજી બાજુને સમાંતર દોરેલી રેખા ત્રીજી બાજુને દુભાગે છે.